પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૫૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૫-૦૨-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 156 PRICE :-RS. 1.50 DATE : 25-02-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દુનિયાના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમનું રાષ્ટ્રપતિએ ઉદ્ઘાટન કર્યું

# મોટેરા સ્ટેડિયમઃ સરદાર પટેલ OUT, મોદી IN




અમદાવાદ,

દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા મોટેરાનું આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ઉદ્ઘાટન કરી દીધું છે. આ સ્ટેડિયમને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિએ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કર્યું તે સાથે જ સ્ટેડિયમના ગેટ પર નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામના બોર્ડ લગાડી દેવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગૃહમંત્રી અમિત શાહે સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એક્લેવનું ભૂમિપૂજન કર્યું હતું. આજે સ્ટેડિયમના ઉદ્ઘાટનના કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ ઉપરાંત, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, રમતગમત મંત્રી કિરણ રિજીજૂ, ડે. સીએમ નીતિન પટેલ પણ મંચ પર હાજર રહ્યા હતા. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે સ્ટેડિયમના ઉદ્ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૨૩૩ એકર જમીન ઉભા થનારા સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવનો આ સ્ટેડિયમ એક ભાગ છે. નારણપુરામાં પણ ૧૮ એકર જમીન પર એક સ્પોર્ટ્સ એન્કલેવ બનશે. આમ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવ અને નારણપુરાના સ્પોર્ટ્સ એક્લેવ થકી આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવનું આયોજન થઈ શકે તેવું વૈશ્વિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થઈ શકશે. તેમાં કોમનવેલ્થ, એશિયાડ તેમજ ઓલિમ્પિક કક્ષાના રમતોત્સવ પણ આયોજિત કરી શકાશે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થયા બાદ અમદાવાદ દેશભરમાં સ્પોર્ટ્સ સિટી તરીકે ઓળખાશે.

અમિત શાહે જણાવ્યું હતું કે, ઓલિમ્પિકમાં રમાનારી તમામ રમતો રમાઈ શકે તેવી વ્યવસ્થા સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવમાં ઉભી કરવામાં આવશે. જેમાં ત્રણ હજાર ખેલાડીઓ રોકાઈ શકે તેવી સવલત પણ હશે. આ ઉપરાંત, સ્ટેડિયમમાં મેચ જોવા આવનારા લોકો માટે વિશાળ પાર્કિંગ પણ આ સ્ટેડિયમમાં ઉભું કરવામાં આવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય ઈવેન્ટનું આયોજન કરવા માટે તેના સ્ટાન્ડર્ડ અનુસાર, ૫૦ કિલોમીટરના વિસ્તારમાં જ તમામ વ્યવસ્થા ઉભી કરાશે. પીએમ મોદીએ સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવા ખેલો ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા જેવા અભિયાન પણ શરુ કરાવ્યા છે તેવું જણાવતા અમિત શાહે જણાવ્યું હતું કે ખેલાડીઓ માટે સરકારે ડાયટિંગ, ટ્રેનિંગ સહિતના તમામ ક્ષેત્રે બધી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે, જેના પરિણામો હવે દેખાવા લાગ્યા છે. અમિત શાહે વધુમાં કહ્યું કે, કોંગ્રેસે એમના શાસનમાં સરદારનું નામ ભૂલાય એવા કામ કર્યા. મોદીજીએ એવી વ્યસ્થા કરી કે સરદારનું નામ કોઈ ભૂંસી નહિ શકે. મોદીજીની પ્રેરણાથી સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવ બની રહ્યું છે. જે યુવાનો સાથે વર્ષો સુધી જોડાયેલું રહેશે. ૩૨૦૦ કરોડ સરકારી અને ૧૪૦૦ કરોડના ખર્ચે PPE મોડલની મદદથી અહીં ૪૬૦૦ કરોડનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ હશે. આ એક્લેવમાં હોકી સ્ટેડિયમ ધ્યાનચંદજીના નામથી બનશે. ૨૦૦૩ થી હું મોદીજી સાથે કામ કરૂં છું. મોદીજીએ હંમેશા કહ્યું છે કે રમતમાં જ્યાં સુધી યુવાનો આગળ નહીં આવે દેશ માટે કઈ નહિ કરી શકે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમના ઉદ્ઘાટન પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, રમતગમતની સવલતોનો વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે, અને તેનાથી પણ વધુ મહત્વપૂર્ણ છે કે વ્યાપક સ્તર પર પ્રતિભાશાળી ખેલાડીઓ તેનો લાભ ઉઠાવી શકે. ફેસિલિટીની સાથે એક્સેસ ટુ ફેસિલિટી બંને જરુરી છે. સારું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટ્સમાં ઉત્કૃષ્ટતા કોઈપણ દેશના વિકાસના માપદંડ હોય છે. રાષ્ટ્રપતિએ આજથી શરુ થનારી ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડની મેચ માટે પણ તમામ ખેલાડીઓને શુભેચ્છા આપી હતી.

આ સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ડે-નાઈટ ટેસ્ટ રમાઈ રહી છે. સ્ટેડિયમમાં સવા લાખ લોકો એક સાથે બેસી શકે તેવી વ્યવસ્થા છે. સ્ટેડિયમનું ઉદ્ઘાટન થતાં જ મેચ જોવા આવેલા હજારો પ્રેક્ષકોની લાંબી-લાંબી લાઈનો લાગી ગઈ હતી. જોકે, કોરોનાને ધ્યાનમાં રાખતા સ્ટેડિયમની ક્ષમતાની અડધી ટિકિટનું જ વેચાણ કરાયું છે. નવા મોટેરા સ્ટેડિયમમાં રમાનારી પહેલી મેચ જોવા આવેલા લોકોમાં પણ અજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કેટલાક લોકો ટ્રેડિશનલ ગુજરાતી કપડાં પહેરીને સ્ટેડિયમ પર આવી પહોંચ્યા હતા, તો બીજી તરફ ભારતનો ધ્વજ લઈને પણ અનેક લોકો સ્ટેડિયમની બહાર જોવા મળ્યા હતા. માત્ર અમદાવાદ જ નહીં, પરંતુ બહારગામના લોકો પણ મેચ જોવા માટે આવી પહોંચ્યા હતા.

- ★ મોટેરા સ્ટેડિયમનું નામ બદલાયુંઃ હવે નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ઓળખાશે.
- ★ રાષ્ટ્રપતિએ ૨૩૩ એકર વિસ્તારમાં નિર્માણ પામનાર સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવનું ભૂમિપૂજન કર્યું.
- ★ ભારતના ખેલ ઈતિહાસનો આજે સૌથી મોટો દિવસ, ઓલિમ્પિક માટે સ્પોર્ટસ કોમ્પલેક્ષ તૈયાર કરાશે, કોંગ્રેસ કાળમાં સરદારનું નામ ભૂલાયુંઃ શાહ.
- ★ અમદાવાદમાં છ મહિનામાં ઓલિમ્પિકનું આયોજન થઈ શકે તેવું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરાશેઃ શાહ.
- ★ કુલ ૨૩૩ એકર જમીન ઉપર કુલ ત્રણ સ્પૉર્ટ્સ સંકુલ આકાર લેશે, જેમાં ૨૦ સ્ટેડિયમ હશે, તેના ઉપર ઑલિમ્પિક સ્તરની સ્પર્ધાઓનું આયોજન થશે.
- ★ અમદાવાદ સ્પોર્ટ્સ સિટી તરીકે ઓળખાશે, ૬૦૦ સ્કૂલને સ્ટેડિયમ સાથે જોડવામાં આવશે.
- ★ રાષ્ટ્રપતિએ સ્ટેડિયમના નામની તકતી અનાવરણ કરતાં જ સૌકોઈને મોટું સરપ્રાઈઝ મળ્યું.

## સ્ટેડિયમ નામકરણ અમિત ચાવડાએ કહ્યું- આ સરદાર સાહેબનું નહીં પણ ગુજરાતનું અપમાન



મોટેરા સ્થિત ક્રિકેટના સૌથી મોટા સ્ટેડિયમનું નામ બદલીને ભારતના પ્રધાનમંત્રી મોદીના નામ પરથી રાખવામાં આવ્યું છે. હવેથી આ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરીકે ઓળખાશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમના નામને લઈને ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ટ્વીટ કર્યું છે. તેમણે ટ્વિટ કર્યું છે કે, કોંગ્રેસના સમયમાં અમદાવાદ ક્રિકેટ સ્ટેડિયમનું નામ સરદાર સાહેબના નામ સાથે જોડાયું હતું.

જેને હવે બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નામ કરવાની ચેષ્ટા ગુજરાત સહન નહીં કરે. આ સરદાર સાહેબનું અપમાન જ નહીં, ગુજરાતનું પણ અપમાન છે. સત્તાના અહંકારમાં ભાજપવાળા ઈતિહાસ ભુલાવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## અમદાવાદમાં ચૂંટણી ખત્મઃ કોરોનાનો કહેર શરૂ :
## ૮ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર





અમદાવાદ,

મહાનગરપાલિકાની ચૂંટણી બાદ અમદાવાદ શહેરમાં કોરોનાએ ફરીથી માથું ઊંચક્યું છે. શહેરમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ એકાએક કોરોનાનાં કેસમાં વધારો થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય તંત્ર તરફથી છેલ્લા બે દિવસમાં અલગ અલગ વિસ્તારની આઠ સોસાયટીને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન તરીકે જાહેર કરી છે. મતદાન બાદના બીજા દિવસે ત્રણ સોસાયટી અને મતગણતરીના દિવસે પાંચ સોસાયટીને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવી છે. જે વિસ્તારોની સોસાયટીઓને માઈક્રો કન્ટેનમેન્ટ જાહેર કરવામાં આવી છે તેમાં ખોખરા, બોપલ, ભાઈપુરા, બોડકદેવ સહિતનો સમાવેશ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી દરમિયાન વિવિધ પક્ષના નેતાઓ અને કાર્યકરો બેફાન બનીને ફર્યા હતા. ક્યાંક કોરોનાની માર્ગદર્શિકાનું પાલન થતું હોય તેવું જોવા મળ્યું ન હતું. લોકો સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્કના નિયમો ભૂલી ગયા હતા. ચૂંટણીને લઈને માસ્ક ન પહેરવા પર દંડ અને ઈ-મેમો બંધ થઈ જતાં લોકો પણ બેફામ બની ગયા હતા. આ દરમિયાન લગ્નની સિઝન પણ ચાલી રહી હોવાથી લોકો બેજવાબદાર બની ગયા હતા. લોકો એવી રીતે ફરી રહ્યા હતા કે જાણે કોરોના જતો રહ્યો હોય. આ જ કારણ છે કે તંત્રએ અગમચેતીના ભાગરૂપે ડોમ બાંધવાની શરૂઆત કરી છે.

ચૂંટણી સંપન્ન થતા જ હવે કોરોનાનું ટેસ્ટિંગ વધારવામાં આવશે. ૨૧મી તારીકે અમદાવાદમાં મતદાન પૂર્ણ થયાના બીજા દિવસથી જ કોરોના ટેસ્ટિંગ માટેન ડોમ ઊભા કરવામાં આવ્યા હતા. રાતોરાત ડોમ ઊભા કરી દેવામાં આવતા લોકોમાં આશ્ચર્યની સાથે સાથે ફફડાટ ફેલાયો છે. અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીની પ્રક્રિયા દરમિયાન શહેરમાં ઠેર ઠેર ઊભા કરવામાં આવેલા કોરોના ટેસ્ટિંગ માટેના ડોમ દૂર કરી દેવામાં આવ્યા હતા. હવે ફરીથી શહેરના વિવિધ વિસ્તારોમાં તંત્ર તરફથી ડોમ નાખવામાં આવી રહ્યા છે, અથવા તો બંધ કરી દેવામાં આવેલા ડોમ પર ટેસ્ટિંગની કામગીરીની તૈયારી કરી દેવામાં આવી છે.

## દેશમાં કોરોનાનો નવો સ્ટ્રેન વધારે સંક્રમણ ફેલાવી શકે છે



ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ મહામારી થોડા સમયથી એકદમ નિયંત્રણમાં આવી ગઈ હતી. પરંતુ અચાનક ફરી માથુ ઉચક્યું છે. તેમાં પણ કોરોના વાયરસના નવા સ્ટ્રેને તો મુશ્કેલીઓ વધારી દીધી છે. બ્રિટન, સાઉથ આફ્રિકા અને ગલ્ફ દેશો બાદ હવે ભારતમાં પણ કોરોનાના નવા સ્ટ્રેને પગ પેસારો કર્યો છે.

ભારતમાં વાયરસનો નવો સ્ટ્રેન ઘુસી ગયો હોવાનું સાબિત થયું છે. પીજીઆઈએમઈઆર ચંડીગઢના ડાયરેક્ટે એ વાતની આશંકા વ્યક્ત કરી છે કે, દેશમાં કોરોનાનો નવો સ્ટ્રેન વધારે સંક્રમણ ફેલાવી શકે છે.

પીજીઆઈએમઈઆર ચંડીગઢના ડાયરેક્ટે જણાવ્યું હતું કે, ભારતમાં જણાઈ આવેલો કોરોના વાયરસનો નવો સ્ટ્રેન બ્રિટન કરતા પણ વધારે ઘાતક છે, આ નવો સ્ટ્રેન વધારે સંક્રામક હોઈ શકે છે. આ સ્થિતિમાં કોરોનાના નવા કેસને ફેલાતો રોકવા માટે શક્ય તેટલા તમામ પ્રયાસ કરવા જોઈએ. વર્તમાનમાં આપણી પાસે હોસ્પિટલ (ચંડીગઢ)માં કોરોનાના ૫૫ કેસ છે. છેલ્લા બે જ અઠવાડિયામાં આ કેસો વધ્યા છે.


જોકે કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર સહિત અન્ય કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસોમાં થયેલો વધારો કોરોનાના નવા વેરિએંટ એન૪૪૦કે અને ઈ૪૮૪ક્યુ સાથે કોઈ લેવાદેવા નથી. આઈસીએમઆરના જણાવ્યા પ્રમાણે આ નવા સ્ટ્રેન કોરોના કેસમાં થયેલા વધારાનું કારણ નથી.

નિતિ આયોગના સભ્ય વીકે પોલના જણાવ્યા પ્રમાણે દેશમાં સાર્સ-ઝ્રફ-૨ના યૂકે સ્ટ્રેનથી અત્યાર સુધીમાં ૧૮૭ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. જ્યારે દક્ષિણ આફ્રિકાના કોરોના સ્ટ્રેનથી ૬ લોકો સંક્રમિત બન્યા છે. તો બ્રાઝિલના નવા કોરોના સ્ટ્રેનથી એક જ વ્યક્તિ સંક્રમિત થયો છે. આ ઉપરાંત આ કેસની તપાસ કરવા અત્યાર સુધીમાં ૩૫૦૦ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા છે.

## હવે એક વોર્ડમાં ચાર કોર્પોરેટર માટેની કોંગ્રેસની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

ગાંધીનગર,

ગુજરાત રાજયમાં ૬ મનપામાં કોંગ્રેસનો કારમી રકાસ થયો છે. ત્યારે મારવાના વાંકે જીવી રહેલી કોંગ્રેસને સુપ્રીમકોર્ટ તરફથી વધુ એક ઝટકો લાગ્યો છે. હાલમાં જ ગુજરાત રાજયની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી બાબતે પણ ગુજરાત કોંગ્રેસને સુપ્રીમે ફટકો આપ્યો હતો. ત્યારે હવે ગુજરાત કોંગ્રેસ દ્વારા એક વોર્ડમાં ચાર કોર્પોરેટર ન રહી શકે તે મુદ્દે અરજી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ અરજીને ફગાવી દીધી છે. હવે એક વોર્ડમાં ચાર કોર્પોરેટર રહી શકશે. ચાર કોર્પોરેટર મુદ્દે સુપ્રીમ કોંગ્રેસની ઝાટકણી કાઢી છે. કોંગ્રેસને સુપ્રીમ કોર્ટ તરફથી વધુ એક ઝટકો આપ્યો છે.



સુપ્રીમ કોર્ટે ગુજરાત કોંગ્રેસને જાણે પડતા પર પાટુ માર્યું હોય તેમ બીજો મોટો ઝાટકો આપ્યો છે.

## અનંતનાગમાં સેનાએ ૪ આતંકીઓને ઠાર માર્યાઃ સર્ચ ઓપરેશન શરૂ

શ્રીનગર,

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના જંગલોમાં ચાલી રહેલા એન્કાઉન્ટરમાં સુરક્ષાદળોએ ચાર આતંકીઓને ઢાળી દીધા હોવાના અહેવાલો મળ્યા છે. જોકે પોલીસનુ કહેવુ છે કે, આંકડો ચોક્કસ નથી. કારણકે મરનારા આતંકીઓની લાશો હજી મળી નથી.એ પછી આંકડા અંગે સાચી માહિતી મળશે.આ ઓપરેશન હજી પણ ચાલી રહ્યુ છે.

દરમિયાન અફવા ના ફેલાય તે માટે આ વિસ્તારમાં ઈન્ટરનેટ સેવાને અચોક્કસ મુદત સુધી બંધ કરવામાં આવી છે.આ વિસ્તારમાં આતંકીઓ છુપાયા હોવાની બાતમી મળ્યા બાદ પોલીસ , સેના અને સીઆરપીએફની ટુકડીઓ આ વિસ્તારમાં ઉતરી પડી હતી અને કલાકોથી ઓપરેશન ચાલી રહ્યુ છે.

આ દરમિયાન આતંકીઓએ સુરક્ષાદળો પર ગોળીઓ ચલાવી હતી અને તેનો જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો.

## ખાનગી ક્ષેત્રની બેંકોને સરકારી કામકાજ કરવાની મંજૂરી મળી

ન્યુ દિલ્હી,

કેન્દ્રમાં મોદી સરકારે ખાનગી બેંકો પર સરકારી કામકાજ કરવા પર લાગેલા પ્રતિબંધને હટાવી લીધો છે. આ અંગે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે બુધવારે ટ્વીટ કરી માહિતી આપી હતી, તેમણે ટ્વીટ દ્વારા જણાવ્યું હતું કે હવેથી ખાનગી બેંકો ભારતના અર્થતંત્રના વિકાસમાં સરકારી બેંકોની જેમ જ મહત્વનો ફાળો આપી શકશે.

નાણાં મંત્રીએ આ અંગે આગળ જણાવ્યું હતું કે, આ નિર્ણયથી સરકારની સામાજીક કલ્યાણની યોજનાઓનો વિસ્તાર બહોળો થશે અને ગ્રાહકોની સુવિધામાં વધારો થશે. ખાનગી બેંકો પર સરકારી કામકાજ ન કરવાના પ્રતિબંધ હટવાથી સરકાર સાથે સંકળાયેલા બેંકિંગમાં ટેક્સ કલેક્શન, મહેસૂલ સંબંધિત લેવડ-દેવડ, પેન્શન ચૂકવણી અને કિસાન બચત પત્ર જેવી નાની બચત યોજનાઓમાં પણ ખાનગી બેંકો દ્વારા રોકાણ આવશે. તેમના જણાવ્યા મુજબ ઈઁ આગામી સમયમાં અન્ય સરકારી કામકાજના સંચાલનની મંજૂરી પણ ખાનગી ક્ષેત્રની બેંકોને સોંપી શકે છે.

નાણાં મંત્રીની આ જાહેરાત સાથે જ નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં જોરદાર ઉછાળો આવતા ૩૬,૪૯૩ પર પહોંચી ગયો હતો. આ સાથે ખાનગી ક્ષેત્રની બેંકો જેવી કે એક્સિક બેંક, આઈસીઆઈસીઆઈ અને એચડીએફસીના શેરમાં ૪થી૫ ટકાનો ઉછાળો આવ્યો હતો.

## ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૩ના અપક્ષ ઉમેદવાર ચેતનકુમાર લક્ષ્મણદાસ સામનાણી (પપ્પીભાઈ)




ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૩ના અપક્ષ ઉમેદવાર ચેતનકુમાર લક્ષ્મણદાસ સામનાણી (પપ્પીભાઈ)ને ગત ટર્મમાં વોર્ડના મતદારો એ સાથ સહકાર અને વિશ્વાસ રાખીને પાલિકામાં પ્રતિનિધી તરીકે ચુંટી લાવીને સેવા કરવાની તક આપી હતી. પાલિકાના પ્રતિનિધી તરીકેના કાર્યકાળ દરમિયાન વોર્ડના રસ્તાઓ, પીવાના પાણી, સાફ-સફાઈ તેમજ દવા છંટકાવ જેવા કાર્ય પણ સફળતા પૂર્વક પાર પાડયા છે. પાલિકાના પ્રતિનિધી તરીકેના શાસનકાળ દરમિયાન કોરોના મહામારીને લઈ લોકડાઉન દરમિયાન નગરના તમામ



વિસ્તારોમાં જરૂરીયાતમંદ લોકોને દુધ, શાકભાજી, ફળફળાદી તેમજ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ નિસ્વાર્થ ભાવે પહોંચાડી એક સેવક તરીકેની સેવા પુરી કરેલ છે. હાલ યોજાનાર પાલિકાની ચુંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. ત્યારે વોર્ડ નં.૩ના રહિશોની સેવા કરવાની તક આપવાની અપેક્ષા રાખી રહ્યો છું. તા.૨૮/૦૨/૨૦૨૧ના રોજ યોજાનાર પાલિકાના મતદાન પર્વના દિવસે આપનો કિંમતી મત આપી અને અપાવી વિજય બનાવશો.




ગોધરા નગરપાલિકા વોર્ડ નં. ૫ ના કર્મશીલ, સેવાભાવી, જાગૃત, શિક્ષિત, લોકલાડીલા તથા યુવાન અને કાર્યશીલ અપક્ષ ની પેનલ ના ઉમેદવારો

રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી)

તથા

સંજય ચંપકલાલ સોની

ને સેવાની ફરી એક તક આપવા વિનંતી.

આપનો મત સાચા અર્થમાં વિકાસને મત

| અનુ. નં. | ઉમેદવાર | ઉમેદવારનું નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧૧ | | રાજેશકુમાર વિઠ્ઠલદાસ દરજી (રાજુ દરજી) | | |
| ૧૬ | | સંજય ચંપકલાલ સોની | | |

મતદાન તારીખ : ૨૮/૦૨/૨૧, રવિવાર

સમય : સવારે ૭ : ૦૦ થી સાંજના ૬ : ૦૦ સુધી

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# કડાણાના દિવડા કોલોની ખાતે ચુંટણી અધિકારી અને મામલતદારએ બાઈક રેલીને લીલીઝંડી બતાવી કરાવ્યું પ્રસ્થાન



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી–૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે.

મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે COVID-19 ની ગાઈડ લાઈનને અનુસરીને કડાણા તાલુકાના દિવડામાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બાઈક રેલીને સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા દિવડા કોલોનીથી ચુંટણી અધિકારી અને મામલતદાર કે.વી.બારીયાએ જિલ્લા શિક્ષણાધિકારી પી.એન.મોદીની ઉપસ્થિતિમાં લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ બાઈક રેલીને કડાણા તાલુકાની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા દિવડા કોલોનીથી ખાતે થી શિક્ષકો દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઈક સવાર શિક્ષકોએ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો.

આ બાઈક રેલી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા દિવડા કોલોનીથી શરૂ થઈ કાર્યપાલક ઈજનેરની કચેરી, બસ સ્ટેન્ડ, મામલતદાર કચેરી, પેટા તિજોરી કચેરી, પીએચસી સેન્ટર, કડાણા ગામ થી જાહેર માર્ગોથી પસાર થઇ હતી. આ બાઈક રેલીએ ગ્રામજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઈક રેલીમાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ઉત્સાહભેર જોડાઈને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે કેળવણી નિરક્ષક જયેશભાઇ પટેલ તેમજ શિક્ષકો જોડાયા હતા.

# મહીસાગરમાં શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા આપવાની રહેશે

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી–૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર.. આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જીલ્લા પંચાયત/ તાલુકા પંચાયતની ચુંટણી તા.૨૮–૦૨–૨૦૨૧ ના રોજ સવારે ૭–૦૦ વાગ્યાથી સાંજના ૬–૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ–૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજુર કરવાની રહેશે. કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહી. જે કોઇ માલિક જોગવાઇ વિરૂધ્ધ વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે તેમ મહીસાગર–લુણાવાડાના સરકારી શ્રમ અધિકારીએ એમ અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

## સરકારનો મોટો નિર્ણય: ૧ માર્ચથી બીજા ફેઝની શરૂઆત

# ૬૦ વર્ષથી ઉપરના લોકોને સરકાર ફ્રીમાં કોરોના વેક્સિન આપશે

ન્યુ દિલ્હી, કેન્દ્ર સરકારે બુધવારે કોરોના વેક્સિન વિશે એક મોટા નિર્ણયની જાહેરાત કરી છે. સરકારે કહ્યું છે કે, ૪૫ વર્ષથી ઉપરના બીમાર અને ૬૦ વર્ષથી ઉપરના દરેક લોકોને સરકારી કેન્દ્ર પર ફ્રીમાં વેક્સિન આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે, ૧૦ હજાર સરકારી અને ૨૦ હજાર ખાનગી હોસ્પિટલોમાં વેક્સિનેશન ૧ માર્ચથી શરૂ થશે. દેશમાં ૧૦ કરોડ ૪૦ લાખ લોકોની ઉંમર ૬૦ વર્ષ કરતાં વધારે છે.

જાવડેકરે કહ્યું કે, સરકારી કેન્દ્રો સિવાય ખાનગી હોસ્પિટલમાં વેક્સિનેશન માટે ચાર્જ આપવો પડશે. જે લોકો ખાનગી હોસ્પિટલમાં વેક્સિન લેવા માંગે છે તે લોકો એ ચાર્જ ચૂકવવો પડશે. આગામી ૩-૪ દિવસોમાં સ્વાસ્થય મંત્રાલય આ વિશે નિર્ણય લેશે કે કાનગી હોસ્પિટલમાં વેક્સિનેશન માટે કેટલી ફી ચૂકવવી પડશે. સ્વાસ્થય મંત્રાલય આ વિશે મેન્યુફેક્ચર્સ અને હોસ્પિટલો સાથે વાત કરી રહ્યા છે.

દુનિયામાં ઘણાં દેશોએ, ખાસ કરીને ચીને ગયા વર્ષે જૂનમાં અને રશિયાએ ઓગસ્ટમાં વેક્સિનેશન શરૂ કરી દીધું છે. જ્યારે અમેરિકા, બ્રિટન સહિત મોટાભાગના દેશોએ ડિસેમ્બરમાં વેક્સિનેશનની શરૂઆત કરી છે. ભારતમાં ૧૬ જાન્યુઆરીથી વેક્સિનેશન શરૂ થયું છે. ૨૨ ફેબ્રુઆરી સુધીમાં સમગ્ર દુનિયામાંથી ૨૧ કરોડ લોકોને વેક્સિનેટ કરી દેવામાં આવ્યા છે. સૌથી વધારે અમેરિકામાં ૬.૪૧ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી ચે. ત્યારપછી ચીનમાં ૪.૦૫ કરોડ, યુરોપીય સંઘમાં ૨.૭ કરોડ, યુકેમાં ૧.૮ કરોડ અને પછી ભારતમાં ૧.૧૯ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી છે.

# નરેન્દ્ર મોદી દેશના સૌથી મોટા દંગાબાજ છે: મમતા બેનર્જી



હુબલી, પશ્ચિમ બંગાળમાં થનારી વિધાનસભા ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસના નેતાઓના એલફેલ નિવેદનો શરૂ થઈ ગયા છે. આ બધા વચ્ચે આજે હુગલીના ડનલપમાં જનસભાને સંબોધન કરતી વખતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેરનજીએ મર્યાદા ઓળંગી નાખી અને પીએમ મોદીને દાનવ, રાવણ અને ગુંડા સુદ્ધા કહી નાખ્યા. આ અગાઉ પીએમ મોદીએ પણ ડનલપ મેદાનમાં સભા કરી હતી.

મમતા બેનરજીએ જનસભા સંબોધિત કરતા કહ્યું કે 'હંમેશા તમે (ભાજપ) કહે છે કે તૃણમૂલ કોંગ્રેસ ટોળાબાજ, પરંતુ હું આજે કહું છું કે તમે (ભાજપ) દંગાબાજ અને ધંધાબાજ છો. બંગાળ પર બંગાળ શાસન કરશે, બંગાળ પર ગુજરાત શાસન નહીં કરે. અમને બંગાળ નહીં બાંગ્લા જોઈએ. મોદી બંગાળ પર રાજ નહીં કરે. બંગાળ પર ગુંડા અને બદમાશ રાજ નહીં કરે.'

જનસભાને સંબોધિત કરતા મમતા બેનરજી મર્યાદા ભૂલી ગયા અને પીએમ મોદી તથા અમિત શાહને રાવણ તથા દાનવ કહી નાખ્યા. તેમણે કહ્યું કે 'ખુબ વધુ બોલી રહ્યા છો અને બે મહિના બાકી છે, જોઈએ પછીથી કોણ બોલે છે. નરેન્દ્ર મોદી ખોટું બોલી રહ્યા છે, બોલે છે કે બંગાળ લઈ લઈશું, પરંતુ બંગાળને લેવું એટલું સરળ નથી. આ ચૂંટણીમાં ખેલા હોબે...ખેલા તો હોબે...(ખેલ થશે) ભાજપ દેખો ખેલા હોબે...'

સીબીઆઈ દ્વારા અભિષેક બેનરજીની પત્ની રૂજિરા બેનરજીની સીબીઆઈ દ્વારા પૂછપરછ ઉપર પણ મમતા બેનરજીએ ભાજપ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી (ભ્તઁ) મહિલાઓનું સન્માન કરતી નથી. આ જ કારણ છે કે રૂજિરાને કોલસા મામલે ફસાવવામાં આવી રહી છે અને તેને નિશાન બનાવવામાં આવી રહી છે.

મમતા બેનરજીએ મીડિયા ઉપર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે અમે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું કામ કર્યું છે. મોદીએ શું કર્યું? તેમણે મીડિયા માલિકોને ધમકી આપી છે, મીડિયા જે પણ કહે છે તેના પર વિશ્વાસ ન કરો. નકલી વીડિયો છે. પીએમ મોદી ખોટું બોલી રહ્યા છે કે નોકરી નથી. કોમરેડ, તમે દેશને વેચી દીધો છે. આપણે ગરીબીમાં નંબર વન રહ્યા છીએ.

મમતા બેનરજીએ કહ્યું કે 'અમે સીબીઆઈને ધમકી આપી રહ્યા છીએ પરંતુ ધરપકડ કરીને તો બતાવો. કેટલાક લોકોની ધરપકડ કરશો. ૨૦ લાખ લોકોની ધરપકડ કરવી પડશે. તમને મને અહીં દબાવશો, હું દિલહીમાં ઝાડ બનીને ઉઠીશ. એક ઘાયલ વાઘણ ખતરનાક હોય છે. ખેલ ચાલુ છે.' મમતા બેનરજીએ કહ્યું કે 'જો તમે તેમને બંગાળમાં હરાવી શકો છો, તો જાણી લો કે તેઓ ભારતમાંથી ગાયબ થઈ જશે.

# જિલ્લાના કુલ ૯ લાખ ૬૦ હજાર ૫૫૧ મતદારો માટે ૧૧૪૬ મતદાન મથક બનાવવામાં આવશે

રાજકોટ, રાજકોટ મનપાની ચૂંટણી પૂરી થયા બાદ જિલ્લા પંચાયતની ચૂંટણીની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે. રાજકોટમાં ગઈકાલે ભાજપે ૧૮માંથી ૧૭ સીટ પર જંગી બહુમતી મેળવી કોંગ્રેસનાં સૂપડાં સાફ કરી નાખ્યાં છે, ત્યારે હવે કોંગ્રેસે રાજકોટ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે કમરકસી છે. રાજકોટ જિલ્લાની વાત કરીએ તો કુલ ૯,૬૦,૫૫૧ મતદારો જિલ્લામાં નોંધાયા છે, જે પૈકી ૫ લાખ ૩ હજાર ૭૦ પુરુષ અને ૪ લાખ ૫૭ હજાર ૪૭૯ મહિલા મતદારો નોંધાયા છે. રાજકોટ જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકો પર મતદારો શાંતિપૂર્ણ અને સલામત રીતે મતદાન કરી શકે એ માટે ૧૧૪૬ મતદાન મથક ઊભાં કરવામાં આવ્યાં છે.

ચાલુ મતદાન દરમિયાન ઈવીએમ મશીનમાં કોઈ ટેક્નિકલ ખામી સર્જાય તેવા સંજોગોને ધ્યાને લઈ ૧૦% રિઝર્વ ઈવીએમ રાખવામાં આવ્યાં છે. જિલ્લા પંચાયતની ચૂંટણીપ્રક્રિયામાં ૭૧૦૨ વ્યક્તિનો પોલિંગ-સ્ટાફ, ૧૨૧૮ પોલીસ-સ્ટાફ, ૮ રિટર્નિંગ ઓફિસરો, ૨૨ આસિ.રિટર્નિંગ ઓફિસરો સહિતના કર્મચારીઓ ફરજ બજાવશે. આગામી ૨૮મી ફેબ્રુઆરીએ રાજકોટ સહિત રાજ્યમાં ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતો તથા ૮૧ નગરપાલિકાની ચૂંટણી યોજાવાની છે, જેની મતગણતરી ૨ માર્ચના રોજ થશે.

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠક માટે ઉમેદવારોએ પ્રચાર-પ્રસાર પુરજોશમાં શરૂ કરી દીધો છે, જેમાં કોંગ્રેસ જિલ્લા પંચાયતમાં શાસન જાળવી રાખવા અને ભાજપ જિલ્લા પંચાયતમાં કબજો કરવા મથામણ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજ્યનાં ૬ મહાનગરમાં સત્તા પર ભાજપનો કેસરિયો લહેરાયો છે, જેની અસર આવનારી જિલ્લા પંચાયત, નગરપાલિકા સહિત ચૂંટણીમાં જોવા મળશે કે કેમ એના પર સૌની મીટ મંડાયેલી છે.


# મહીસાગર જિલ્લામાં આજે ૦૬ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૪–૦૨–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૨૦૬૭ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૧૯૮૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૩૦૦૩૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૫ દર્દી હોમ આઈસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## ગાંધીનગરમાં ફાયર વિભાગે બે મોલ સહિત આપની ઓફિસને માર્યું સીલ



ગાંધીનગર, ગાંધીનગરના અટીરા બિઝનેસ હબમાં આવેલા આમ આદમી પાર્ટીના કાર્યાલયને ફાયરબ્રિગેડે સીલ મારી દીધુ છે. પાટનગરમાં આપના કાર્યાલય ઉપરાંત અટીરા બિઝનેસ હબની ૩૦થી વધુ દુકાનો અને અન્ય વિસ્તારમાં આવેલા બે મોલ પણ સીલ કરી દેવાતા વેપારીઓમાં દોડધામ મચી છે. ગાંધીનગર ફાયર વિભાગના અધિકારી મહેશ મોડે કહ્યું કે, અવારનવાર નોટીસો આપવા છત્તાં આજ સુધી સરગાસણનાં અટીરા બિઝનેસ હબ, સિદ્ધરાજ ઝોરીનાં બી - માર્ટ મોલ તેમજ કુડાસણનાં વૃંદાવન ટ્રેડ સેન્ટરમાં આવેલ મૅપલ મોલના માલિકોએ ફાયર સેફ્ટીની સુવિધા કરી નથી.

આ એકમોના માલિકોને નોટિસ આપીને ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરી લઈને નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવી લેવાની સૂચના આપવામાં આવી હતી. ટૂંકમાં તેમને ફાયર સેફ્ટી સંદર્ભે સલામતી માટે શાં શાં પગલા લેવા તે અંગેની પાકી સમજણ પણ આપવામાં આવી હતી. જે મુજબ તમામ પગલાં લઈને તેની પૂર્તતા થઈ ગઈ હોવાનું પ્રમાણપત્ર તેમણે ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ પાસે મેળવી લેવાનું હતું.

આ સૂચના મુજબ દરેકે સ્થિતિ પ્રમાણે અલગ અલગ વ્યવસ્થા કરવાની હોય છે. ફાયર એક્સ્ટિન્ગ્યુશર, ઓટો મોડયુલર એક્સ્ટિન્ગ્યુશર, બિલ્ડિંગ કોડ પ્રમાણેની વ્યવસ્થા ઊભી કરવા જણાવવામાં પણ આવ્યું હતું. એક મહિનાની તેમને આપવામાં આવેલી મહેતલની અંદર ફાયર સેફ્ટીની વ્યવસ્થા તેમણે ઊભી કરી નથી. જેના પગલે ઉપરોક્ત કોમર્શિયલ બિલ્ડીંગ તેમજ બે મોલ સીલ કરવામાં આવ્યાં છે.

## ગુજરાતના પૂર્વ DGP ચિતરંજન સિંઘનું નિધન, ચંદીગઢમાં લીધા અંતિમ શ્વાસ

અમદાવાદ, ગુજરાતના પૂર્વ ડીજીપીને લઈને દુઃખદ સમાચાર મળી રહ્યા છે. ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનું નિધન થયું હોવાના અહેવાલ મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે ચિતરંજન સિંઘ ગુજરાતમાં ૧૯૭૬ની બેચના આઈપીએસ અધિકારી હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે આજરોજ ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘનુ નિધન થયું છે. તેઓની અચાનક તબિયત લથડકા તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગુજરાતના પૂર્વ ડીજીપી ચિતરંજન સિંઘે ચંદીગઢની જીએમસીએચ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. હવે તેમના નશ્વરદેહને પંજાબના ભટીંડા ખાતે દર્શાનાર્થે લઈ જવામાં આવશે અને ત્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

## સ્ટેડિયમના નામકરણ પર હાર્દિક પટેલે કહ્યું- શું આ સરદાર પટેલનું અપમાન નથી?

અમદાવાદ, અમદાવાદના આંગણે આજે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ પૂર્વ નવનિર્મિત સ્ટડિયમનું ઉદઘાટન રામનાથ કોવિંદ હસ્તે કરવામાં આવ્યું હતું. જો કે આ ઉદઘાટન સમયે રામનાથ કોવિંદે બધાને સરપ્રાઈઝ આપ્યું. જેવો તકતી પરથી પડદો ઉંચક્યો કે, તકતી પર જોવા મળ્યું,'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' ગુજરાત અસોશિયએશને નામ બદલીને નરેન્દ્ર મોદી કરી દીધું છે. ૧૯૮૩માં તૈયાર થયેલા આ સરદાર પટેલ સ્ટેડિયમમાં સરદારનું નામ ભૂસાઈ જતાં આ મુદ્દે કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે કેટલાક સવાલ ઉઠાવતા ટવિટ કર્યું છે. હાર્દિક પટેલે ટવિટ કરતા લખ્યું છે. કે, 'શું આ સરદાર પટેલનું અપમાન નથી? સરદારના નામ પર મત માંગનાર ભાજપ હવે સરદાર સાહેબનું અપમાન કરી રહી છે. ગુજરાતની જનતા સરદાર પટેલનું અપમાન નહીં સહન કરે. સરદાર પટેલ સ્ટેડિયમનું નામ બદલાય જતાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પણ આ મુદ્દે પ્રતિક્રિયા આપતા આ ઘટનાને સરદાર સાહેબનું અપમાન ગણાવ્યું છે.

## વડોદરામાં પાલિકાની દબાણ શાખાએ નવુ બંધાઈ રહેલુ મંદિર તોડી પડતા સ્થાનિકોમાં રોષ

વડોદરા, વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને બહુમતી પ્રાપ્ત થઈ છે, તેના બીજા જ દિવસે આજે વહેલી સવારે કોર્પોરેશનની દબાણ શાખાની ટીમે દાંડિયા બજાર ખારીવાવ રોડ પર નવું બંધાઈ રહેલું મંદિર તોડી નાખવામાં આવ્યું હતું. જેને પગેલે સ્થાનિક લોકોમાં રોષ જોવા મળ્યો હતો. વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી આચારસંહિતાને લીધે દબાણ હટાવો ઝુંબેશ હાલમાં બંધ રાખવામાં આવી હતી, જેનો લાભ લઈને વડોદરા શહેરના દાંડિયા બજાર ખારીવાવ રોડ ઉપર બંધાઈ રહેલા મંદિરનું સ્ટ્રક્ચર તૈયાર થઈ ગયું હતું,

તેમાં હજી ભગવાનની પ્રતિમા મુકવાની બાકી હતી તે દરમિયાન આચારસંહિતા ઉઠી ગયા બાદ આજે વહેલી સવારે કોર્પોરેશનની દબાણ શાખા એક્શનમાં આવી હતી અને દાંડિયા બજાર સ્થિત મંદિરના સ્ટ્રક્ચર પર બુલડોઝર ફેરવીને તોડી નાખવામાં આવ્યું હતું, જેથી સ્થાનિક રહીશોમાં રોષની લાગણી ફેલાઈ હતી. લોકોનો વિરોધ થાય નહીં તેને ધ્યાનમાં રાખી કોર્પોરેશનની દબાણ શાખાની ટીમે આજે વહેલી સવારે ૫ વાગ્યે મંદિરનું સ્ટ્રક્ચર તોડી નાખ્યું હતું. આ મંદિરનું સ્ટ્રક્ચર તૂટેલુ જોતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો અને કોર્પોરેશનમાં રજૂઆત પણ કરી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૨૫-૦૨-૨૦૨૧, ગુરૂવાર, મહા સુદ-તેરસ, સૂર્યોદય-૬-૫૦, સૂર્યાસ્ત-૬-૧૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પુષ્ય

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-01 થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-01 સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-0૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૫.૦૨.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સાથે પાર્ટીનું આયોજન થવાનું નોકરીમાં લાભ. સંતાનોનો સાથ સહકાર સારો રહેવાનો.
વૃષભ (બ.વ.ઉ.) :- મહત્વના કાર્યોમાં અનુકુળતા રહે. આવકની સાથે ખર્ચ પણ રહેવાનો નવી ઓળખાણથી લાભ.
મિથુન (ક.છ.ઘ.) :- વિલંબમાં પડેલા કાર્યો હાથ ઉપર આવે અધિકારી વર્તનો સહકાર રહે. યાત્રા પ્રવાસનું આયોજન થાય.
કર્ક (ડ.હ.) :- વ્યવસાયમાં અનુકુળતા દ્રઢ મનોબળ વડે મનચાહી સફળતા મેળવશો. વિજાતીય મિત્રતા ગાઢ બને.
સિંહ (મ.ટ.) :- રચનાત્મક કાર્યોમાં અનુકુળતા રહે. મહત્વના કાર્યોમાં સફળતા. કિંમત ચીજ વસ્તુની ખરીદી થાય. પ્રવાસ થાય.
કન્યા (પ.ઠ.ણ.) :- ઉધારી ધંધાર્થી દૂર રહેજો. દિવસ ઉત્સાહ વાળો રહે. ભાઈ-બહેનો સાથે મિલન મુલાકાત લાભદાયક રહે.
તુલા (ર.ત.) :- અંગત પ્રશ્નોમાં સફળતા મલવાની. નોકરીમાં નવી ઓફર આવે. પ્રોમશનના ચાન્સ સ્વાસ્થ્ય સારુ રહે.
વૃશ્ચિક (ન.ય.) :- મોજશોખને લઈને રોજીંદા કાર્યમાં અવરોધો ઉભા ન થાય તેનું ધ્યાન રાખવું. મિલ્કતથી લાભ રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- જીવનસાથીનો સહકાર સારો રહે. પ્રવાસમાં અનુકુળતા વધુ પડતા કાર્યભારથી જાળવવું કર્જ ન કરવું.
મકર (ખ.જ.) :- આધ્યાત્મિક વિચારોને અપનાવવથી લાભ રહેવાનો માનસિક તનાવ દૂર થાય. નોકરીમાં સ્થિરતા જરૂરી.
કુંભ (ગ.શ.સ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના નોકરીમાં લાભ વડીલો પાર્જીત મિલ્કતમાં આવતા અવરોધો દૂર થાય.
મીન (દ.ચ.ઝ.) :- જુની નોકરી ફરીથી મલે કે. પ્રમોશનના ચાન્સ રહે. સગાઈ લગ્નના કાર્યોમાં અનુકુળતા પ્રવાસનો યોગ રહે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ભાજપની ચિંતામાં વધારો :

# ભાજપામાં મહત્વના હોદ્દા ખાલી હોવાથી દાહોદ નગરપાલિકાનો ચુંટણી જંગ રામ ભરોસે

દાહોદ, દાહોદ નગરપાલિકાની ચુંટણીમાં પ્રચાર કાર્ય જોરશોરથી ચાલી રહ્યુ છે. પાલિકામાં શહેર સંગઠનના મહત્વના હોદ્દેદારો અથવા તેમના સંબંધીઓ ચુંટણી લડી રહ્યા છે. તેમ છતાં કોઈ નવી નિમણુંક કરવામાં આવી નથી. જેથી ચુંટણી પ્રચાર માત્ર ઈન્ચાર્જના ભરોસે ચાલી રહ્યો છે. બીજી તરફ કોંગ્રેસમાં પ્રમુખો ચુંટણી લડતા હોવાથી કાર્યકારી પ્રમુખઓની નિયુક્તિ કરવામાં આવી છે. જેથી શહેર ભાજપાના કાર્યકરઓમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

ભાજપના બળવાખોરોએ પક્ષની ચિંતા વધારી દાહોદ નગર પાલિકામાં આ વખતે ખરાખરીનો જંગ જામવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. કારણ કે, ભાજપ, કોંગ્રેસ સહિત આમ આદમી પાર્ટી અને અપક્ષો મેદાનમાં છે. કેટલાક વોર્ડમાં ભાજપાના બળવાખોરોએ પક્ષની ચિંતા વધારી દીધી છે તો ઘણી



જગ્યાએ ટિકિટ ન મળતાં કેટલાકે કોંગ્રેસનો હાથ ઝાલી લીધો છે. જેથી ભાજપા સંગઠનના મહત્વના હોદ્દેદારો અથવા તેમના સંબંધીઓ ચુંટણી લડી રહ્યા છે.

મોટા ભાગના પદ ચુંટણી ટાંણે જ ખાલી શહેર ભાજપા પ્રમુખ, એક મહામંત્રીના ધર્મપત્નીઓ ચુંટણી લડતા હોઈ બંન્નેએ રાજીનામા આપ્યા છે. તેવી જ રીતે એક મહામંત્રી પોતે ચુંટણી જંગમાં હોવાથી તેમણે પણ પદ છોડી દેવું પડ્યુ છે. એક શહેર ઉપપ્રમુખે પણ તેમના વોર્ડમાંથી ઉમેદવારી નોંધાવી હોવાથી તેઓએ પણ રાજીનામુ આપી દીધુ છે. બીજું તો ઠીક શહેર સંગટન પ્રભારી પણ પાલિકાની ખુરશીની દોડમાં હોવાથી તે જગ્યા પણ ખાલી છે. આમ મહત્વના મોટા ભાગના પદ ચુંટણી ટાંણે જ ખાલી છે અને કોઈ વચગાળાની નિમણુકો કરવામાં આવી નથી. જેથી સંગઠનના બળે જ આગળ આવેલી ભારતીય જનતા પાર્ટીમાં દાહોદ શહેરનું સંગઠન માળખુ પૂર્ણ ન હોવાથી ચુંટણી પ્રચાર કાર્ય પોત પોતાની રીતે ચાલી રહ્યુ હોવાનો કાર્યકરોનો મત છે.

જૂના સાથીઓએ બળવો કરી પંજાને પકડ્યો ચુંટણી ઈન્ચાર્જના વોર્ડમાં પણ જૂના સાથીઓએ બળવો કરી પંજાને પકડી લીધો હોવાથી તેઓ પણ સ્વાભાવિક રીતે જ વ્યસ્ત હોઈ શકે છે. ત્યારે જે પક્ષમાં સંગઠન જ સર્વોપરી છે તેવા ભાજપામાં શહેર સંગઠનને ચુંટણી વેળાએ જ ખાલી રખાતા પદ વાંચ્છુઓ પણ માથું ખંજવાળી રહ્યા છે. બીજી તરફ દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જિલ્લા પંચાયતની અને શહેર કોંગ્રેસ પ્રમુખ નગર પાલિકાની ચુંટણી લડતા હોવાથી ચુંટણીમાં પ્રચાર કાર્યને નેતૃત્વ અને માર્ગદર્શન મળી શકે તેના માટે આ બંન્ને મહત્વના પદો પર કાર્યકારી પ્રમુખઓની નિયુક્તિ કરી દેવાતા ભાજપાના કાર્યકરોમાં ઘણાં પ્રશ્નાર્થો ઉભા થઈ રહ્યા છે.

અસંતોષ ઉભો ન થાય તેમાટે હાલ કોઈ નિયુક્તિ નહીં કેટલાક કાર્યકોના મત પ્રમાણે ચુંટણીં ટાંણે વધારે અસંતોષ ઉભો ન થાય તેના માટે હાલ કોઈ નિયુક્તિ કરવામાં આવતી નથી, ત્યારે કેટલાક કાર્યકરો એવો તર્ક પણ રજૂ કરી રહ્યા છે કે આખી ટર્મ માટે નિમણુક ન કરીને ફક્ત ચુંટણી માટે જ જાહેરાત કરી શકાય તેમ છે. ત્યારે એવો પણ સુર સાંભળવા મળી રહ્યો છે કે એક તરફ આટલો અસંતોષ ફેલાયેલો છે ત્યારે મોવડી મંડળ વધુ કોઈ જોખમ લેવા માંગતુ નથી. તેમને જમવાનો સમય પણ ન હોય કોઈ પણ પ્રકારની ચુંટણી હોય તેમાં કોઈ પણ એકમના અને તેમાંયે ભાજપાના પ્રમુખ અને મહામંત્રીઓને ઉમેદવારીથી પરિણામ સુધી જમવાનો સમય પણ ન હોય. કારણ કે તેમના નેતૃત્વમાં જ ચુંટણી જંગ લડવાનો હોય છે. ત્યારે દાહોદ શહેરમાં તો હાલ લશ્કર ક્યાં લડે છે તે જ ઘણાં વોર્ડમાં તો સમજાતું નથી તેવી માહિતી મળી છે.

જેમના હાથમાં રીમોટ કંટ્રોલ છે, તે નેતાઓ બીજી રીતે વ્યસ્ત ભાજપાના જ કેટલાક કાર્યકરો ટીંખળ પણ કરી રહ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે જેમના હાથમાં રીમોટ કંટ્રોલ છે. તેવા નેતાઓ એક યા બીજી રીતે વ્યસ્ત છે. ત્યારે તેમની પાસે સમય ન હોવાથી આવી મહત્વની જાહેરાતો થઈ શકે જ નહી તેવુ સ્પષ્ટ સાંભળવા મળી રહ્યું છે. ત્યારે હવે બીજી માર્ચે પરિણામ જાહેર થાય ત્યાર પછી જ શહેરના જે હોદ્દેદારો નિમવાના છે તે કામગીરી હાથ પર લેવામાં આવશે તેવું દ્રઢતા પૂર્વક માનવામાં આવી રહ્યું છે.

પહેલાં હોદ્દા પછી ટિકિટની લ્હાણી શહેર ભાજપાના કેટલાક જૂથોમાં એવો ગણગણાટ પણ થઈ રહ્યો છે કે પહેલાં હોદ્દાની લ્હાણી કરી અને તેમણે પોતાની ટિકિટો પાકી કરવા ગમે તેમ કરીને હોદ્દા મેળવી પણ લીધા.પછી ચોક્કસ ગણતરીબાજ નેતાઓના આશીર્વાદથી તેમને જ ટીકીટોની લ્હાણી પણ કરી દીધી અને હવે રાજીનામા લીધા. તો શું સંગઠનને મજબુત કરવા તેમજ ચુંટણી જંગ જીતવા આ મુઠ્ઠીભર નેતાઓ જ સક્ષમ છે ત્યારે બીજા કાર્યકરો કશું જ કરી શકવાને શક્તિમાન નથી તેવા પ્રશ્નાનો પણ સંજોગો પ્રમાણે ચર્ચાઈ રહ્યા છે.

# દેવગઢબારિયા નગરમાં પાલિકા દ્વારા સ્ટેટ હાઈવે ઉપર ના દબાણો દૂર કરાયા

## નગરમાં અડીખમ રહેલા દબાણો ક્યારે દુર થશે તેવા અનેક સવાલો ?

- નગરના ટાવર રોડ,સુથારવાડા ના પથારા તેમજ લારી-ગલ્લા દૂર કરાયા.
- કેટલાક લારી-ગલ્લા પાલિકા તંત્રે ઉપાડી જતાં લોકોમાં દોડધામ મચી.

દાહોદ, દેવગઢબારિયા નગરના સ્ટેટ હાઈવે સુથારવાડ વિસ્તારમાંથી હાથલારી તેમજ પથરા વાળાને પાલિકા તંત્ર દ્વારા દૂર કરાતા ટ્રાફિક સમસ્યા હળવી થશે ખરી? અડીખમ રહેલા દબાણો ક્યારેય દૂર થશે તેવા અનેક સવાલ.

દેવગઢબારિયા નગરમાં હાલમાં ટ્રાફિક વીકટ બની રહી છે. નગરના કેટલાક વિસ્તારમાંથી પસાર થવું એ એક કોયડા સમાન બનવા પામ્યું છે. ત્યારે હાલમાં નગરમાં દબાણોને લઈ સ્થાનિક ઉચ્ચ અધિકારીઓને દબાણ અંગેની રજૂઆતો થતી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે અને જે રજૂઆતોને ધ્યાનમાં રાખી નગરના સમડી સર્કલ થી ટાવર તેમજ સુથારવાડા વિસ્તારમાં હાથલારી પથારા તેમ જ દુકાનના બહારના ભાગે દબાણ કરી ધંધો કરતા વેપારીઓ સામે તંત્રે લાલ આંખ કરી પાલિકાની ટીમ દ્વારા દબાણ ની કામગિરી હાથ ધરી રોડની સાઈડમાં મુકેલા લારી ગલ્લા ઉપાડવાની કામગીરી હાથ ધરતા અન્ય દબાણ કરતામાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. ત્યારે નગરમાં બનેલ કેટલીક પાકી દુકાનો તેમજ મકાનો જે ગેરકાયદેસર દબાણ કરી આજે પણ અડીખમ જોવાઈ રહ્યા છે અને તેવા અડીખમ દબાણો કેવી રીતે બન્યા કે જેમાં નથી પાર્કિંગની વ્યવસ્થા કે નથી તેમાં અન્ય કોઈ સુવિધા નથી. જેના કારણે આ ટ્રાફીક ની સમસ્યા જોવાઈ રહી હોઈ તેમ આ લારી પથારા વાલા દબાણો તંત્ર દૂર કરી ને શું સાબિત કરવા માંગે છે તેમજ જે વિસ્તાર માં દબાણ હટાવવામાં આવ્યા ત્યાં આજે પણ એક કેબિન મુકેલું દેખાઈ આવતા જેને લઈ તંત્ર દ્વારા વાહલા દવલા ની નીતી અપનાવી હોવાનું નગરજનોના મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સ્ટેશન શેરી, કન્યાશાળા, સર્કલ બજાર સહિત બસ સ્ટેશન વિસ્તારમાં પણ આ ટ્રાફિકની જટિલ સમસ્યા જોવાઈ રહી છે. ત્યારે પાલિકાતંત્ર તેમજ તાલુકાના ઉચ્ચ અધિકારીઓને નગરમાં અડીખમ રહેલા દબાણો જોવાઈ છે કે નહીં તેવું નગરજનોના મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે પાલિકાતંત્ર નગરના અન્ય દબાણ દૂર કરશે ખરૂં તે આવનાર દિવસોમાં જોવાનું રહ્યું.

# ઝાલોદ પાલિકાના સભાખંડની હાલત જર્જરીત તેમજ ગંદકીનું સામ્રાજય

દાહોદ, ઝાલોદ નગરપાલિકા હરહંમેશ કોઈને કોઈ કારણોસર ચર્ચામાં તો રહી જ છે. પરંતુ આ તમામ બાબતો વચ્ચે ઝાલોદ નગરપાલિકાની હાલની પરિસ્થિતિ જાણે દયનીય હાલતમાં હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. ઝાલોદ નગરપાલિકાના સભાખંડની હાલત અત્યંત ખરાબ પરિસ્થિતમાં છે. આ સભાખંડની દિવાલો જર્જરિત અવસ્થામાં નજરે પડી રહી છે. સાથે જ જે નગરપાલિકા સ્વચ્છતાની ગુલબાંગો પુકારે છે તે આજ નગરપાલિકામાં ગંદકી, કચરો તેમજ ભંગારના ઢગથી નજરે પડી રહી છે. આ ઝાલોદની નગરપાલિકાના જવાબદાર સત્તાધિશો દ્વારા આ તમામ વસ્તુવિષય પર જાણે કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. જાણે રામ રાજા અને પ્રજા સુખી જેવો નજારો આ ઝાલોદ નગરપાલિકામાં જોવા મળી રહ્યો છે.

# દે.બારીઆના ભથવાડા ટોલનાકા પાસેથી ટેમ્પો લઈ જવાતો ૧.૭૪ લાખનો દારૂ ઝડપ્યો

દે.બારીઆ, દેવગઢ બારીઆ પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ ભથવાડા ટોલનાકા પાસેથી રૂા.૧.૭૪ લાખ ઉપરાંતની કિંમતના વિદેશી દારૂ-બીયરના જથ્થા સાથે ટાટા લોડીંગ ટેમ્પો ઝડપી પાડ્યાનું જાણવા મળે છે જ્યારે આ બનાવમાં ચાલક સહિત બે જણાની અટક કરી મોબાઈલ ફોન વિગેરે મળી પોલીસે કુલ રૂા.૫,૭૭,૧૨૦ મુદ્દામાલ કબજે લીધો છે.


દાહોદ લીમખેડા તરફથી ટાટા લોડીંગ ટેમ્પામાં પાછળના ભાગે ચોરખાનું બનાવી તેમાં વિદેશી દારૂ તથા બીયરનો વિપુલ જથ્થો ભરી લઈ ગોધરા તરફ જનાર હોવાની દેવગઢ બારીઆ પોલીસને બાતમી મળતાં પોલીસે ભથવાડા ટોલનાકા ચેક પોસ્ટ ઉપર નાકાબંધી કરી વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ આ ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાંની સાથે જ ચારેય તરફથી ઘેરી લઈ ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ.૩૭ જેની કુલ કિંમત રૂા.૧,૭૨,૧૨૦ ના પ્રોહી જથ્થા સાથે પંચમહાલ જિલ્લાના પાંદેડી ગામના નવનીતકુમાર અર્જુનસિંહ પટેલ તથા દાહોદ તાલુકાના છાપરી ગામના ગુમાભાઈ રસુલભાઈ નિનામાની અટક કરી પોલીસે એક મોબાઈલ ફોન તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા.૫,૭૭,૧૨૦નો મુદ્દામાલ દેવદઢ બારીઆ પોલીસે કબજે લઈ ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના બાવકા ગામે પરણિત પુત્રીને મળવા પહોંચેલ માતાને ગડદાપાટુનો માર માર્યો : પરણિતાને ગોળી પીવડાવી દેતાં સારવાર માટે ખસેડાઈ

દાહોદ, દાહોદ તાલુકાના બાવકા ગામે મહિલા અત્યાચારના બનેલા બનાવમાં એક પરણિત મહિલાની માતા પરણિતાના ઘરે મળવા માટે ગયા હતાં. આ દરમ્યાન પરણિતાના પતિ તથા સાસરીયાઓ દ્વારા પરણિતાને તથા તેની માતાને બેફામ ગાળો બોલી ગડદાપાટ્ટુનો માર મારી પરણિતાને કોઈ ગોળી પીવડાવી દેતાં તેને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવી હોવાનું જાણવા મળે છે. દાહોદ તાલુકાના બાવકા ગામે મુળકા ફળિયામાં રહેતી દિવ્યાબેન મહેશભાઈ પરમારના ઘરે તેની માતા નિતાબેન મળવા આવી હતી તે દરમ્યાન દિવ્યાબેનના પતિ મહેશભાઈ પરમાર એકદમ ઉશ્કેરાયા હતાં અને બેફામ ગાળો બોલી, તમે અમારા ઘરે કેમ આવ્યાં છો? તેમ કહી નિતાબેનના વાળ પકડી ગડદાપાટ્ટુનો માર માર્યો હતો જ્યારે મહેશભાઈ જીગરભાઈ તથા સસરા કુબેરભાઈ મડુભાઈ પરમાર તેમજ સાસુ કલાબેન કુબેરભાઈ પરમાર એમ ચારેય જણાએ દિવ્યા બેનને પકડી લઈ કોઈ ગોળી પીવડાવી દેતા તેમને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે દિવ્યાબેને તેમના પતિ, સાસુ – સસરા સહિત સાસરીયાઓ વિરૂધ્ધ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# કોરોનાને ધ્યાનમાં રાખી સોશલ ડિસ્ટન્સિંગ સાથે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા ગોઠવાઈ



અમદાવાદ, ગુજરાત વિધાનસભાના બજેટ સત્રને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. વિધાનસભાના બજેટ સત્રમાં ધારાસભ્યોની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવાને લઈને મોટા સમાચાર મળી રહ્યા છે. ફેબ્રુઆરીના અંતમાં મળનારા વિધાનસભાના બજેટ સત્રમાં કોરોના વાયરસના સંક્રમણને ધ્યાનમાં રાખીને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કેટલાક ધારાસભ્યોને ગેલેરીમાં બેસાડવામાં આવશે. પ્રેક્ષક ગેલેરીમાં ખુરશીઓના બદલે નવી વ્યવસ્થા કરી દેવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ગત સત્રમાં રાજયના ધારાસભ્યોએ ટકોર કરી હતી.

જેથી વિધાનસભા બજેટ સત્રમાં ધારાસભ્યોની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં કોરોનાના કારણે પ્રેક્ષકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવશે અને પ્રેક્ષક ગેલેરીમાં ધારાસભ્યોને આરામદાયક ખુરશીમાં બેસાડવાની વ્યવસ્થા કરાશે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા રહેશે. નાણાંમંત્રી તરીકે નીતિન પટેલ ૯મી વખત બજેટ રજૂ કરશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે સત્ર પહેલા બંને પક્ષો સાથે બેઠક યોજવામાં આવશે અને તે પ્રમાણે ધારાસભ્યોની બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. ગત સત્ર દરમિયાન પડેલી મુશ્કેલી દૂર કરીને ધારાસભ્યો માટે આરામદાયક બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

વિધાનસભામાં સત્ર દરમિયાન સેનિટાઈઝેશન, માસ્ક અને મેડિકલ ટીમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન નાણામંત્રી નીતિન પટેલ નવમી વખત બજેટ રજૂ કરશે.. અત્યાર સુધી સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ ભાજપના પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળાના નામે છે. તેમણે ૧૮ વખત બજેટ રજૂ કર્યુ હતુ. નાણામંત્રી નીતિન પટેલ દ્વારા ૨૦૨૧-૨૨નુ બજેટ રજૂ કરીને પોતાનો રેકોર્ડ પોતે જ તોડશે. નીતિન પટેલ દ્વારા અત્યાર સુધીમાં બે વખત લેખાનુદાન અને છ વખત પૂર્ણ બજેટ રજૂ કરવામાં આવ્યા છે.

# મુખ્યમંત્રી નીતિશ સહિત ૧૪ વિરુદ્ધ સર્વેલન્સ કોર્ટમાં ભ્રષ્ટાચારની ફરિયાદ



પટના, બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમારની વિરુદ્ધ મુજફફરાપુર સ્થિત ઉત્તર બિહાર સર્વેલન્સ કોર્ટમાં ભ્રષ્ટાચારની કલમમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આ ફરિયાદમાં મુખ્યમંત્રીની સાથે સાથે પંચાયતી રાજ મંત્રી સમ્રાટ ચૌધરી, ચૂંટણી કમિશનર દીપક પ્રસાદ અને ચૂંટણી પંચના સચિવ યોગેન્દ્ર રામને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મુજફફરપુર જિલ્લા અધિકારી પ્રણવ કુમાર, પંચાયતી રાજ પદાધિકારી ફૈયાજ અખ્તર, પારુ પ્રખંડના બીડીઓ સહિત ૧૪ લોકોની વિરુદ્ધ પણ ફરિયાજ દાખલ કરવામાં આવી છે.

આ મામલો પંચાયતની ચૂંટણીને ધ્યાનમાં રાખી બનાવટી વોટર લિસ્ટ તૈયાર કરવાનો છે. આ કારણથી પારુના ચક્કી સુહાગપુર ગ્રામ પંચાયતના સરપંચ મમતા દેવીને અભિયુક્ત બનાવવામાં આવ્યા છે. ઉત્તર બિહાર સર્વેલન્સ કોર્ટમાં આ કેસ આઈપીસીની કલમ ૪૦૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૭, ૧૨૦બી, ૩૪ તથા ભ્રષ્ટાચાર અધિનિયની કલમ હેઠળ દાખલ કરવામાં આવ્યો છે. આના પર ૪ માર્ચે સુનવણી કરવામાં આવશે. આ તમામ આરોપીઓ પર મુખી મમતા દેવીની સાથે મિલીભગત કરી બનાવટી વોટર લિસ્ટ તૈયાર કરવાનો આરોપ લગાવાયો છે.

વકીલ જયચંદ્ર સહનીએ જણાવ્યું કે પારુના ચક્કી સોહાગપુરના સામાજિત કાર્યકર્તા ચંદન સહનીએ આ ફરિયાદ દાખલ કરાવી છે.

# દાહોદના ઝરી બુઝર્ગ ગામે ટ્રેક્ટરમાં ઘઉં ભરતી વખતે મધમાખીનો હુમલો : ત્રણ વ્યકિતઓ ઈજાગ્રસ્ત



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ તાલુકાના ઝરીબુઝર્ગ ગામે ટ્રેક્ટરમાં ઘઉં ભરતી વેળાએ અચાનક અસંખ્ય મધમાખીયોએ પાંચ વ્યકિતઓ ઉપર હુમલો કરી ડંખ મારતાં ગંભીર રીતે ઘાયલ ત્રણ વ્યકિતઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

આજરોજ સાંજના પાંચ વાગ્યાના સમયે ઝરીબુઝર્ગ નાડ ફળિયામાં ફતેસીંગ કુકાભાઈ નળવાયા, રાધુભાઈ માનસીંગભાઈ નળવાયા, મહેશભાઈ મંગાભાઈ ગોહિલ, મડીબેન પાંગળાભાઈ નળવાયા તથા અલ્પેશભાઈ રમેશભાઈ ઝણીયા ટ્રેક્ટરમાં ઘઉં ભરતા હતા. આ દરમ્યાન અચાનત આ પાંચેય વ્યકિતઓ ઉપર મોટી મધમાખીઓએ અચાનક હુમલો કરતાં એકક્ષણે અફરા તફરીનો માહોલ સર્જાવા પામ્યો હતો. મધમાખીયોઓના ડંખના પગલે જેમાંથી ત્રણ વ્યકિતઓને મધમાખીએ વધારે ડંખ મારતા તેઓને વધુ ઈજાઓ થતા આ ત્રણ વ્યકિતઓને તાત્કાલિક ગરબાડા સરકારી દવાખાનામાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

# ગાંધીનગર ક્રાઈમ બ્રાંચે રેડ કરી બંધ મકાનમાંથી રૂ.૪૩.૪૬ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપ્યો

ગાંધીનગર, ગાંધીનગર સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલા વાંસજડા હુડકોનાં મકાનોમાં ગાંધીનગર ક્રાઈમ બ્રાંચની ટીમે રેડ કરીને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રૂ. ૪૩.૪૬ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેડ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઈમ્પોર્ટેડ બ્રાન્ડની ૬૧૮ નંગ બોટલો તેમજ ભારતીય બનાવટની ૪૯૭૮ નંગ બોટલો મળી કુલ. ૫૫૯૬ નંગ બોટલોનો મોટો જથ્થો ઝડપી ગુનો નોંધી ફરાર થઈ ગયેલા બુટલેગરને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં દારૂબંધીની કડક અમલવારી કરવા તાબાના અધિકારીઓને ખાસ સુચના આપી છે.

ત્યારે ગાંધીનગર એસ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળનાં પી.એસ.આઈ એસ.પી જાડેજા અને પી.ડી. વાઘેલા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ જોગિન્દર સિંહ તેમજ કોન્સ્ટેબલ સુરેશજીને સંયુક્ત બાતમી મળી હતી કે, વાસજડા ગામમાં આવેલ હુડકોના મકાનમાં બાબુજી લક્ષ્મણજી ઠાકોર નામનો બુટલેગર ભાડૂતી માણસો રાખીને વિદેશી દારૂના વેચાણનું મોટા પાયે રેકેટ ચલાવી રહ્યો છે. જેના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમ બાતમી વાળી જગ્યાએ તાત્કાલિક રેડ કરી હતી. હુડકોના બાતમી વાળા મકાનમાં ક્રાઈમ બ્રાંચ ટીમ અંદરનો નજારો જોઈને ચોંકી ઉઠી હતી.

# કાંકરીયા ઝુનું નામ નરેન્દ્ર ઝુ કરવા માટે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ કરી માંગ

અમદાવાદ, વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું નામ સરદાર પટેલ સ્ટેડિયમમાંથી બદલીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કરવામાં આવ્યુ છે. હવે કાંકરીયા ઝુનું નામ નરેન્દ્ર ઝુ કરવા માટે વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ માંગ કરી છે. જિગ્નેશ મેવાણીએ ટ્વીટ કરતા નરેન્દ્ર મોદીને ભલામણ કરી છે કે કાંકરીયા ઝુનું નામ પણ બદલવામાં આવે અને તેની જગ્યાએ નરેન્દ્ર ઝુ કરવામાં આવે. વડગામના ધારાસભ્યએ સાથે જ અન્ય એક ટ્વીટમાં કહ્યુ કે, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમના બે મુખ્ય પેવેલિયનના નામ અદાણી અને અંબાણી છે. આ કેવો કોઈન્સીડેન્સ છે. પાટીદાર અને કોંગ્રેસના નેતા હાર્દિક પટેલે ટ્વીટ કરી સરદાર પટેલ સ્ટેડિયમનું નામ ભુસવામાં આવતા અપમાન ગણાવ્યુ હતું. વિશ્વના સૌથી મોટા અમદાવાદ સ્થિત સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમનું નામ બદલીને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ રાખવામાં આવ્યુ છે, શું આ સરદાર પટેલનું અપમાન નથી? સરદાર પટેલના નામ પર મત માંગનારી ભાજપ હવે સરદાર સાહેબનું અપમાન કરી રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 156


# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા


પંચમહાલ સમાચાર


# પંચમહાલ સમાચારની ગોધરા નગર પાલિકા વિસ્તારોમાં ગ્રાઉન્ડ રિપોર્ટ આપતી લોકપ્રશ્નોની શ્રેણી

## વોર્ડ નં.૮ નર્મદાનું નહીં પણ કુવાના પાણીનો વપરાશ કરે છે મક્કી મસ્જીદની આસપાસના વિસ્તારના રહીશો



વોર્ડ નં.૮માં કન્ટેનર ઓવર થતાં લોકોમાં બિમારીનો ભય.



મક્કી મસ્જીદ વિસ્તારમાં પિવાના પાણીની સમસ્યા.



સોસાયટીના આંતરિક વિસ્તારોમાં ગટરનું પાણી ઉભરાતા લોકો પરેશાન.



હમીરપુર તરફ જવાનો માર્ગ ખખડધજ.

### વોર્ડ નં.૮ ના ઉમેદવારો

| | |
|---|---|
| મોહંમદહનીફ એહમદસઈદ કલંદર (ભાણા) | – AIMIM |
| હફસા અલ્તાફ ચીંતામન (ડબલેલ) | – AIMIM |
| અનવરહુસેન હિમદ સુજેલા | –અપક્ષ |
| અલ્તાફ શબ્બીર હયાત (ભુરીયા) | –અપક્ષ |
| આસિફ યાકુબ બકકર | –અપક્ષ |
| ઈલ્યાસ ઈબ્રાહિમ બદામ | –અપક્ષ |
| ફરીદા એ.હુસેન પોલા | –અપક્ષ |
| ફેસલ એહમદ હયાત | –અપક્ષ |
| મહેબુબ અ.સત્તાર સમોલ | –અપક્ષ |
| મુમતાઝ યાકુબ મીઠાભાઈ | –અપક્ષ |
| શાબેરા હાજી અબ્બાસ ગરીબા (ખરાદીની નાની) | – અપક્ષ |
| હાજરાબેન ઈલ્યાસ બદામ | – અપક્ષ |

### વોર્ડ નં.૮ ના મતદારોના સમીકરણ

| પુરૂષ: ૫૪૧૧ | સ્ત્રી : ૫૩૩૧ | કુલ : ૧૦૭૪૨ |
|---|---|---|

ગોધરા,

લોકપ્રશ્નોને જાણવાના વિનમ્ર પ્રયાસ સાથે બિનરાજકીય નિષ્પક્ષપણે રજુ કરતી શ્રેણીના ભાગરૂપ ગોધરા પાલિકાના વોર્ડ નં.૮ની મુલાકત લેતાં લોકોએ પોતાની લાગણી વ્યકત કરી હતી. આ વોર્ડમાં સાતપુલ, વચલા ઓઢા, ચેતનદાસ પ્લોટ, ગેની પ્લોટ, મહંમદી મસ્જીદ, ભૂખરી પ્લોટ, મહંમદી સોસાયટી, હમીરપુર, મક્કી મસ્જીદ થી એમઈટી સ્કુલ તરફનો રસ્તો, કુરકુર પ્લોટ, ઝકરીયા મસ્જીદ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે. અગાઉ થયેલા વિકાસના કામો બાદ લોકો હજુયે વિકાસ ઝંખી રહ્યા છે. જેમાં સ્વચ્છતા, આંતરિક પાકા રસ્તા અને પાણીના માટે માંગ કરી રહ્યા છે.


મુન્ના વે બ્રીજ એટલે જુના જકાત નાકા થી છેક મક્કી મસ્જીદ થઈને એમઈટી સ્કુલ તરફ જવાનો માર્ગ મુખ્ય છે. દર વખતે બનાવવામાં આવતાં રસ્તાઓમાં તકલાદી સામગ્રી ઉપયોગમાં લેવામાં આવતાં ગણતરીના સમયમાં રસ્તાઓની હાલત તૂટફુટ થઈને જૈસે થે થઈ જતાં રસ્તાનો ખર્ચો એળે જાય છે. હાલમાં, છેલ્લા કેટલાક સમય થી આ બિસ્માર બનેલા રસ્તો લોકોનો માથાનો દુઃખાવો બનેલો છે. અહીં પસાર થતાં લોકોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ, કરીને ચોમાસામાં આ રસ્તા ઉપર વરસાદી પાણીની રેલમછેલ સાથે મીની તળાવો રચાયેલા રહેવાના કારણે અન્યત્ર આંતરિક સોસાયટીમાં જવા માટે ફરજીયાત કાદવ–કીચડ માંથી પસાર થવું પડે છે. ચુંટણી પૂર્વે આ રોડ પાકો બનાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. પરંતુ પાલિકા દ્વારા માત્ર વચનો આપ્યા બાદ તેનું પાલન નહીં કરાયું હોવાનું લોકોનું કહેવું છે.

મક્કી મસ્જીદની આસપાસના વિસ્તારોમાં આશરે હજાર જેટલા મકાનો આવેલા છે. અહીં કેટલાક વિસ્તારોમાં નગર પાલિકાની નર્મદા આધારીત પાણીની પાઈપ લાઈન પસાર કરવામાં આવી છે. અન્ય વિસ્તારોની માફક પણ લાઈનનું લેવલ જાળવવામાં નહીં આવતાં ઊંચા–નીચી હાલતમાં જોવા મળે છે. એટલું જ નહીં પાસેથી જ ભૂર્ગભ ગટર લાઈન નાખવામાં આવી છે. આ ગટર લાઈનનું દુષિત પાણી આ પીવાની લાઈનમાં લીકેઝ થાય છે.આ દુષિત અને દુર્ગંધ યુકત પાણીની સમસ્યા થી પીવા માટે ઉપયોગ નહીં થતાં તેઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારના રહિશો દ્વારા પાણી વેરો ચુકવવામાં આવવાં છતાં પીવાનું પાણી ઉપલબ્ધ થતું નથી. અગાઉ મક્કી મસ્જીદના કુવા માંથી કેટલાક આસપાસના રહિશોને પીવાનું પાણી સેવાભાવિ આગેવાન દ્વારા પહોંચાડવામાં આવે છે. પરંતુ પાલિકાનું પાણી મળતું નથી.


એમઈટી સ્કુલ તરફ જતાં રસ્તા નીચેથી ભૂર્ગભ પીવાના પાણીની પાઈપ લાઈન પસાર થાય છે. અગાઉ ભારવાહક વાહનોની અવરજવરના કારણે મક્કી મસ્જીદ પાસે લાઈનમાં ભંગાણ સર્જાઈને પાણીના ખાબોચીયા ભરાઈ રહેવાની સાથે કાદવ–કીચડનો નિર્માણ થતાં રસ્તાના વળાંક પાસે વાહનો પૈડા ખૂંપી જતા હતા. તેથી હેરાનપરેશાન થયેલા વાહન માલિકો એ જાતે જ આ ખાડાને ખોદીને લીકેઝ બંધ કરવાનું કામગીરી હાથ ધરી હોવાનું લોકો જણાવી રહ્યા છે. આ લીકેઝ બંધ કરવાની જવાબદારી પાલિકાની છે અને તેની મરામત પણ પાલિકા એ કરવાની હોય છે. તેમ છતાં ચુંટણી ટાણે જ ફરજ ચૂકી ગયા હતા.

વચલા ઓડા, ઝકરીયા મસ્જીદ, સાતપુલ વિસ્તારમાં આવેલી ભૂર્ગભ ગટર યોજના લોકોના મત પ્રમાણે સફળ નિવડી નથી.આ વિસ્તારમાં પસાર કરવામાં આવેલી લાઈનને વેઠ ઉતારું કરવામાં આવીને દાટી દેવામાં આવી છે. આ લાઈન બન્યા પછી આજદિન સુધી રહેણાંકના ગંદા પાણીના નિકાલ માટે જોડાણ આપવામાં આવ્યું નથી. તો કેટલીક જગ્યાએ બનાવવામાં આવેલ લાઈનનું લેવલ જાળવવામાં આવ્યું નથી. જેના કારણે આ દુષિત પાણી તેના નિકાલ માર્ગે આગળ ધપી શકતું નથી. અને વિવિધ વિસ્તારોમાં પાણી ચોકઅપ થવાની સાથે ઉભરાતા લોકો મુશ્કેલી અનુભવે છે.

## વોર્ડ નં.૯ બાદશાહી હોટલના ઢાળ પાસેની દુર્ગંધ યુકત અને જોખમી મસમોટી કેનાલ




વ્હોરવાડ પાસે આવેલ પીવાના પાણીની ટાંકી જર્જરીત હાલતમાં.



બાદશાહી હોટલના ઢાળમાં આવેલ કોતળમાં સફાઇ થવી જરૂરી.



વ્હોરવાડના આંતરિક રસ્તાઓની હાલત બિસ્માર.



વોર્ડ નં.૯માં સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં.

### વોર્ડ નં.૯ ના ઉમેદવારો

| | |
|---|---|
| તાહેરાબાનું શોએબ મોલવી | – AIMIM |
| મોહમદ જાબીરતૈયબ રસીદભાઈ | – AIMIM |
| હસનૈન જકીઉદ્દીન પ્રેસવાલા | – આપ પાર્ટી |
| અબ્દુલ રઉફએહમદ ચાયમન | – અપક્ષ |
| અબ્બાસસફાકત હુસેનગુલામ હુસેનવાલા | – અપક્ષ |
| ડૉ.અસગરભાઈ હકીમુદ્દીન વાઘજીપુરવાલા | – અપક્ષ |
| અહેમદસઈદ ઐયુબ સદામસ | – અપક્ષ |
| ઈદરીસ ઈસ્માઈલ દરગાહી (પ્લમ્બર) | – અપક્ષ |
| ઉસ્માનગની અબ્દુલ્લા દુલ્લી | – અપક્ષ |
| નીસરીનબેન હાતીમ વાઘજીપુરવાલા | – અપક્ષ |
| નુરૂદ્દીન અબાજર પેટન્ટ | – અપક્ષ |
| ફાતેમા ઉનેદ પાઘડીવાલા | – અપક્ષ |
| ફોઝીયા હોજેફા ખરખરીવાલા | – અપક્ષ |
| મુસ્તનસીર હમજાભાઈ મહેમદાવાદવાલા | – અપક્ષ |
| મોઈઝ શબ્બીર ફટાકડાવાલા | – અપક્ષ |
| મોહમદઅકરમ અબ્દુલરહીમ પટેલ | – અપક્ષ |
| રોશન અબ્બાસભાઈ વાવડીવાલા | – અપક્ષ |
| શાહનુમા ઈકબાલ કાલુ | – અપક્ષ |
| સોફીયા અનવર જમાલ | – અપક્ષ |
| હબીબ અબ્બાસભાઈ રાહી | – અપક્ષ |

### વોર્ડ નં.૯ ના મતદારોના સમીકરણ

| પુરૂષ: ૫૨૬૪ | સ્ત્રી : ૫૨૮૩ | કુલ : ૧૦૫૪૭ |
|---|---|---|

ગોધરા,

લોકપ્રશ્નોને જાણવાના વિનમ્ર પ્રયાસ સાથે બિનરાજકીય નિષ્પક્ષપણે રજુ કરતી શ્રેણીના ભાગરૂપ ગોધરા પાલિકાના વોર્ડ નં.૯ ની મુલાકત લેતાં લોકોએ પોતાની લાગણી વ્યકત કરી હતી. અગાઉ સભ્ય દ્વારા વિકાસના કામો કરાયેલા છે. તેમ છતાંય લોકો વધુ વિકાસ ઝંખી રહ્યા છે. આ વોર્ડમાં વ્હોરવાડ, બદરી મહોલ્લા, મીઠીબોરવાલાનો ખાંચો, હયાતની વાડી, રાણી મસ્જીદના પાછળનો ભાગ, આંબલી ફળીયા, વ્હોરવાડ ટાવર, બાદશાહી હોટલનો ઢાળ વગેરે વિસ્તારનો સમાવેશ થાય છે.

બાદશાહી હોટલનો ઢાળ એ વ્હોરવાડ અને ગોંદ્રા વિસ્તારને જોડતો ઢાળ છે. અને નજીક માંથી મેશરી નદી પસાર થઈ રહી છે. પશ્ચિમ તરફનો વિસ્તાર ઉંચાણવાળો છે અને પૂર્વ વિસ્તાર નિચાણવાળો છે. વર્ષોથી પશ્ચિમ તરફથી ગંદા તથા ડ્રેનેજના પાણીના માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલી નથી. જેના કારણે પાલિકા દ્વારા અત્યાર સુધી પસાર થયેલા ઢાળ માંથી પાણીના નિકાલ કરવામાં આવે છે. ખુલ્લામાં મસમોટી કેનાલ આકારે ગટર વહી રહી છે. આ કેનાલમાં લોકો નકામો કચરો નિયમિતપણે ફેંકે છે. જેના કારણે વધુ ગંદકી ફેલાઈને અસહ્ય દુર્ગંધ પ્રસરાઈ રહી છે. આથી, આ ઓપન ગટરને બંધ કરીને જે રીતે રેલ્વેમાં ભૂર્ગભ અને ઢાંકણા ધરાવે છે. તે રીતે બિનજોખમી રીતે વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકોની માંગ છે.

વ્હોરવાડના ઢાળ પાસે તથા બદરી મહોલ્લા, મીઠીખાન મહોલ્લા, વ્હોરવાડ સહિતના વિસ્તારોમાં પસાર થતી ગટર લાઈનની બિલકુલ સાંકળી છે. પાલિકા દ્વારા ઢાંકણા નહીં બેસાડતા લોકો એ સ્વખર્ચે બેસાડેલા ઢાંકણા પર વાહનોના અવરજવર થી તૂટફૂટ થવાની સાથે કચરો ઠલવાઈને નિયમિત સાફ–સફાઈ નહીં થતા લાઈન ચોકઅપ હાલતમાં છે. જેથી પાણીનો નિકાલ થતો નથી.

આ વિસ્તારના આંતરિક રસ્તાઓ અધુરા છે. કાંતો કાચા હોવાથી લોકોને ભારે અગવડતા ભોગવવી પડી રહી છે. જેમાં ર્ડા. સરવરવલીના ઘરની પાછળની ગલીમાં કાચો રસ્તો અધુરો છોડવામાં આવ્યો છે. રોયલ એપાર્ટમેન્ટ પાસે કેસરીના ઘર નજીક બનાવેલો રસ્તો આગળ લંબાવવામાં આવીને છોડી દેવામાં આવ્યો છે.આ સહિતના અન્ય વિસ્તારોમાં પણ કેટલાક ભાગો કાચા હોવાથી ચોમાસામાં કાદવ–કીચડનું નિર્માણ થાય છે.

જમાલી મસ્જીદ તથા આસપાસના કેટલાક અંતરીયાળ રહેણાંક વિસ્તારોમાં ભૂર્ગભ ગટર લાઈન બનાવવામાં આવેલી છે. પરંતુ હજુયે કેટલાય ઘરોમા ગટર લાઈન બન્યા પછી જોઈન્ટ મારવામાં આવ્યા નથી. કારણ કે, પહેલેથી જ આ ગટર લાઈન કચરા થી ચોકઅપ થયેલી છે. અને તેને પૂનઃ જોડાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો સોના કરતાં ઘડામણ મોંઘી ઘાટ સર્જાનાર હોવાથી પાલિકા કામગીરી કરવા તૈયાર નથી.જેનાથી લોકો અસુવિધાનો સામનો કરી રહ્યા છે.

વોર્ડ નં.૯માં ગટર લાઈનની સાફ–સફાઈ બાદ મહત્વનો પ્રશ્ન સ્ટ્રીટ લાઈટ છે. છાશવારે આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં રહે છે. સ્ટ્રીટ લાઈટ બંધ રહેવાના કારણે રાત્રિ દરમ્યાન અંધારપટ સર્જાતા આ વિસ્તારમાં રહેતા વેપારીઓ તથા લોકોને પસાર થવામાં મુશ્કેલી વેઠવી પડી રહી છે. ફરિયાદ નોંધાવા છતાં સ્ટ્રીટ લાઈટની સુવિધા મળતી નથી.

વ્હોરવાડની ટાંકી માંથી આસપાસના આશરે ૧૦હજાર વસ્તીને રોજીંદા પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. પરંતુ વર્ષો પૂર્વે બનાવેલ આ ટાંકીના ટોચ ઉપર સિમેન્ટ સામગ્રી તૂટફુટ થઈને જર્જરીત હાલતમાં ભાસે છે. તેવા સમયે રીપેર કરવું અનિવાર્ય છે.અહીં કન્ટેનર પણ નિયમિત ઉઠાવવામાં નહી આવતા ગંદકીના ઢગલા બારેમાસ જોવા મળે છે.

## શહેરા સ્થાનિક સ્વરાજની તાલુકા અને જીલ્લાની ચુંટણીમાં ભાજપ અને કોંગ્રેસમાં પારિવારીક જંગ : એકબીજાને વિજયી બનાવવા પ્રયાસ તેજ

શહેરા,

શહેરા તાલુકામાં સ્થાનિક સ્વરાજની તાલૂકા અને જીલ્લા પંચાયતની ચુટણીનો પ્રચાર પુરજોશ સાથે અંતિમ ચરણમાં છે. ત્યારે તાલુકાની વાડી જીલ્લા પંચાયત અને તરસંગ તાલુકા પંચાયતની બેઠક વચ્ચે ભાજપ–કોંગ્રેસની સાથે સાથે પારિવારીક જંગ જોવા મળી રહ્યો છે. જેમાં ભાજપમાં ઉભા રહેલા કાકી–સાસુ અને કોંગ્રેસમાં ઉભા રહેલ ભત્રીજા વહુ એક બીજા ના પક્ષ ને જીતાડવા માટે એડી ચોટીનું જોર



તસ્વીર : તુષાર દરજી, શહેરા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શહેરામાં વાડી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ની બેઠક પર ભાજપ કોંગ્રેસ વચ્ચે ચૂંટણી રસાકસી બને તો નવાઈ નહી. બે રાજકીય પક્ષમાં જિલ્લા પંચાયતમાં લીલાબેન સોલંકી ભાજપ માંથી છે. જ્યારે સામે કોંગ્રેસ માંથી કિરણબેન જશવંતસિંહ સોલંકી છે. તાલુકા બેઠક વાડી પર રાજેન્દ્રસિંહ સોલંકી ભાજપ માંથી અને જલ્પાબેન અરવિંદસિંહ સોલંકી તરસંગ બેઠક પરથી ચૂંટણી લડી રહયા છે. જિલ્લા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવાર લીલાબેન દિલીપસિંહ સોલંકી તેઓ જીતવા માટે અને ચાર તાલુકા બેઠક ભાજપને જીતાડવા માટે પોતાની ભત્રીજા વહુ ને હરાવવા માટે મેદાન મા ઉતર્યા છે.એજ રીતે ભત્રીજા વહુ જલ્પાબેન સોલંકી પણ પોતાની કાકી સાસુ ને હરાવવા સાથે તેઓ જિલ્લા પંચાયત અને તાલુકા બેઠક કોંગ્રેસ જીતે તે માટે ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે.

લગાવી રહયા છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે.તેનો પ્રચાર અંતિમ ચરણમાં છે.વાડી જીલ્લા પંચાયત બેઠક પરથી ભાજપ માથી લીલાબેન દિલીપસિંહ સોલંકી લડી રહ્યા છે.ત્યારે તરસંગ તાલૂકા પંચાયત બેઠક પરથી જલ્પાબેન અરવિંદસિંહ સોલંકી કોંગ્રેસ પક્ષ માથી લડી રહયા છે.

બંને વચ્ચેનો સંબધ ભત્રીજા વહુ અને કાકીસાસુનો છે.ભાજપની જિલ્લા પંચાયતની મહિલા ઉમેદવાર લીલા બેન કાકી સાસુ થાય છે જ્યારે તાલુકા પંચાયત કોંગ્રેસના ઉમેદવાર જલ્પાબેન તેમની ભત્રીજા વહુ થાય છે. આ બે મહિલા ઉમેદવાર પરીવાર સાથે ઘરકામ,રસોડાકામ સંભાળતા પોતપોતાનુ કામ પતાવીને સ્થાનિક મતદારોની વચ્ચે જઈને પ્રચાર કરે છે.ચૂંટણી લડી રહેલા ભાજપ માથી કાકી સાસુ લીલાબેન અને કોંગ્રેસ માંથી ભત્રીજા વહુ જલ્પાની ઘરની એક દિવાલ હોવા સાથે એક કુટુંબના છે.વાડી જિલ્લા પંચાયત અને તરસંગ બેઠક પર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મા બે રાજકીય પક્ષ દ્વારા સોલંકી સમાજના ઉમેદવારો ને મેદાનમાં ઉતાર્યા છે.જિલ્લા કોંગ્રેસ ઉપ પ્રમુખ તખત સિંહ સોલંકી કોંગ્રેસવાળી જિલ્લા પંચાયત મહિલા ઉમેદવાર કિરણબા જશવંત સોલંકી અને તરસંગ તાલુકા પંચાયત ના જલ્પાબેન અરવિંદસિંહ સોલંકી સહિતના ઉમેદવાર ને જીતાડવા માટે પ્રચાર કરતાં જોવા મળ્યા હતા.પણ સામે જે જિલ્લા પંચાયતના ભાજપ મહિલા ઉમેદવાર લીલાબેન દિલીપ સિંહ સોલંકી તેમના નાનાભાઈ દિલીપસિંહની વહુ થાય છે. ત્યારે હવે જોવું રહ્યું કે, આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદારો કોને જીતાડે છે. આ ચૂંટણી સોલંકી પરીવાર માટે અને આ વિસ્તાર ના મતદારો માટે યાદગાર બની રહેતો નવાઈ નહિ.

## હાલોલ-પાવાગઢ રોડ ઉપર આવેલ પાર્થ ટ્રેડીંગ માંથી પડીકી સીગારેટ અને લેપટોપ મળી ૧૫ લાખ ઉપરાંતની ચોરી

હાલોલ,

હાલોલ–પાવાગઢ રોડ ઉપર આવેલ પાર્થ ટ્રેડીંગ નામની દુકાનને અજાણ્યા ચોર ઈસમો એ નિશાન બનાવી હતી. દુકાનની પાછળના ભાગે આવેલ લોખંડના દરવાજાને કોઈ હથિયાર વડે વાળી દુકાનમાં પ્રવેશ કર્યો હતો. અને દુકાન માંથી ૧,૫૮,૬૭૫/– રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ–પાવાગઢ રોડ ઉપર ગાયત્રી મંદિર સામે આવેલ પાર્થ ટ્રેડીંગ કંપની નામની દુકાન આવેલ હોય દુકાનને કોઈ અજાણ્યા ચોર ઈસમો એ નિશાન બનાવી હતી. દુકાનના પાછળના ભાગે આવેલ લોખંડના દરવાજાને કોઈ હથિયાર વડે નીચેના ભાગે વાળી દીધેલ હતું અને ચોર ઈસમો દુકાનોમાં પ્રવેશ કરી દુકાન માંથી સિગારેટો તથા પડીકીઓ તથા લેપટોપ નંગ–૨ મળી કિંમત ૧,૫૮,૬૭૫/– રૂપીયાના મુદ્દામાલનો ચોરી કરી ગયેલ હોય આ બાબતે દુકાન માલિક કુંજ સુરેશકુમાર મહેશ્વરી એ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ચોર ઈસમોની તપાસ હાથ ધરી છે.

## પંચમહાલ જીલ્લામાં ભૂમાફિયાઓના ત્રાસ વધી રહ્યો છે ત્યારે લેન્ડ ગ્રેબિંગ એકટ થી લોકો વાકેફ કરવા તંત્ર પ્રયાસ કરે તેવી માંગ કરાઈ

### અખિલ ભારતીય હિન્દુ મહાસભાના અદયક્ષ દ્વારા કલેકટરને લેખિત રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં જ્યારે પ્રતિદિન ભૂમાફિયાઓના ત્રાસ વધી રહ્યો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવેલ લેન્ડ ગ્રેબિંગ એકટની કડક અમલવારી કરવામાં આવે તેવી અખિલ ભારત હિન્દુ મહાસભા દ્વારા માંગ કરી પંચમહાલ જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ છે.

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ એકટનો કાયદો લાવવામાં આવ્યો છે. પંચમહાલ જીલ્લામાં ભૂમાફિયાઓનો ત્રાસ પ્રતિદિન વધી રહ્યો છે. જીલ્લા સહિત શહેરની આસપાસના નિર્દોષ અને નબળા ખેડુતોનીને ઘરાર અન્યાય થઈ રહ્યો છે. ભૂમાફિયાઓના ત્રાસ થી ભોગ બનનારને ન્યાય અપાવવા પ્રયત્નો કરે છે. તો ભૂમાફિયાઓ જાન થી મારી નાખવાની ધમકી આપતા હોય છે. ત્યારે પંચમહાલ જીલ્લા કલેકટર દ્વારા લેન્ડ ગ્રેબિંગ એકટના કાયદાની જાણકારી લોકોને મળી રહે તે માટે લેન્ડ ગ્રેબિંગ એકટ અંગે અખબારો દ્વારા લોકો સુધી પહોંચે તેવા પ્રયાસ કરવામાં આવે તેવી માંગ અખિલ ભારત હિન્દુ મહાસભાના યુવા અદયક્ષ ગુજરાત પ્રદેશ આશિષભાઈ પટેલ દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને લેખિતમાં કરવામાં આવી છે.

## મોરવા(હ) ખાતે સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં બીજેપી ઉમેદવારોના ચુંટણી માટે જનસભા યોજી



મોરવા(હ),

સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે પંચમહાલની મોરવા(હ) ખાતે કેન્દ્રીય ખાતે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાની જાહેર સભા યોજાઈ હતી. ચુંટણી સભામાં બીજેપીના ઉમેદવારોને જીતાડવા અપીલ કરી હતી. સાથે સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં કોગ્રેસ પ્રદર્શનને લઈ આકરા પ્રહારો કર્યા હતા.

મોરવા(હ) ખાતે સ્થાનિક સ્વરાજની જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમાં ભાજપના ઉમેદવારોના ચુંટણી પ્રચાર માટે કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા મોરવા ખાતે આવ્યા હતા. પુરૂષોત્તમ રૂપાલાની જાહેર સભામાં મોટી સંખ્યામાં જનમેદની જોવા મળી હતી. રૂપાલા એ ભાજપના ઉમેદવારોને બહુમતી થી જીતાડવા કાર્યકરો અને મતદારોને અપીલ કરી હતી. સાથે સ્થાનિક સ્વરાજની કોર્પોરેશનની ચુંટણીમાં કોગ્રેસના ચુંટણી પ્રદર્શનને લઈ આકરા પ્રહાર કર્યા હતા.

રૂપાલા એ મોરવા(હ) ખાતે ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ માટે મોટું નિવેદન આપ્યું હતું. ઓવૈસી ગુજરાતમાં આવ્યા છે. તો પોતાની પાર્ટીનો એજન્ડા લોકો સમક્ષ મૂકે. હાલ કોર્પોરેશનની ચુંટણી કોઈપણ રીતે અમદાવાદના કેટલાક વિસ્તારમાં એમના ઉમેદવારો જીત્યા છે. તેમની પાસેથી મતદારો આગામી સમયમાં જવાબ માંગશે.

## સ્થાનિક સ્વરાજની ને ધ્યાને લઈને મોરવા હડફ પોલીસે મોરા ખાતે ફૂટ પેટ્રોલિંગ કર્યુ



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),

મોરવા હડફ તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની હોય જેને ધ્યાને લઈને મોરવા હડફ પોલીસ મોરા ગામે ફૂટ પેટ્રોલિંગ કરીને વિસ્તારની માહીતી લીધી હતી. સમગ્ર રાજ્ય સહિત પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકા પંચાયતની ૨૪ બેઠક અને જિલ્લા પંચાયત ની ૫ બેઠકો ની આગામી દિવસોમાં ચૂંટણી યોજાવાની છે. ત્યારે આવનાર દિવસોમાં ચૂંટણી અને કયદો જળવાય તે માટે મોરવા હડફ ના પોલીસ મથક ના સબ ઈસ્પેક્ટર એચ. જે. ભરવાડ મોરા ખાતે પોલીસ કાફલો સાથે ફૂટ પેટ્રોલિંગ કરીને વિસ્તારની માહીતી લીધી હતી.